# સૂતળી બોમ્બ સાથે ઝડપાયેલા આરોપીને રૂ.1 હજારનો દંડ

**1995માં** યુપીવાસી પાસેથી પથ્થર, કાચ નાંખી હાથે બનાવેલા ત્રણ સૂતળી બોમ્બ મળી આવ્યા હતા

સુરતઃ ત્રણ સૂતળી બોમ્બ સાથે પકડાયેલા આરોપીના કેસમાં કોર્ટે આરોપીને રૂપિયા ૧૦૦૦નો દંડ ફટકાર્યો છે.

ડી.સી.બી. પીઆઈ જી. પી. પુવારની સુચનાથી મળેલી બાતમીનાં આધારે પીએસઆઇ જીતેન્દ્ર તિવારી તથા પોલીસ ટીમે ૫-૮-૯૫ના રોજ સુરત રેલવે સ્ટેશન સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસેથી ત્રણ સૂતળી બોમ્બ સાથે આરોપી હનુમાનપ્રસાદ ઈન્દ્રબહાદુર તિવારીને ઝડપી પાડી ડીસીબી પોલીસે એક્સપ્લોજીવ એકટ હેઠળ ધરપકડ કરી હતી. આરોપી મૂળ યુપીનો વતની છે. જે સુરત રેલવે સ્ટેશન જૈન ધર્મશાળા રૂમ નંબર ૧૯માં રોકાયો હતો. આરોપીએ પથ્થર, કાંચના ટુકડા વિગેરેનો ઉપયોગ કરી ફુટે તેવા સ્ફોટક દેશી બનાવટના ત્રણ સૂતળી બોમ્બ બનાવ્યાં હતા.

ડી.સી.બી. પોલીસે એક્ષ્પ્લોઝીવ એકટ ૧૯૮૪ ની કલમ-૯(બી), એક્ષ્પ્લોઝીવ સબસ્ટાન્સીસ ૧૯૦૮ ની કલમ-૫ તથા એક્ષ્પ્લોઝીવ રૂલ્સ ૧૯૮૩ નિયમ ૫ તથા બી.પી. એકટની કલમ-૧૩૫ મુજબ ગુનો નોંધ્યો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે સરકારી વકીલ એસ કે ગોહિલે દલીલ કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીને રૂપિયા ૧૦૦૦નો દંડ, દંડ ન ભરે તો છ માસની સજાનો હુકમ કર્યો હતો.

# સિંગણપોરમાં મિત્રની પત્નીને જ બીભત્સ મેસેજ કર્યા

**સમજાવ્યા** છતાં ન અટક્યો, હેરાનગતિનો સિલસિલો યથાવત રહેતાં પોલીસ ફરિયાદ

સુરતઃ સિંગણપોર વિસ્તારમાં પતિના મિત્રએ જ પરિણીતાને અશ્લીલ મેસેજ અને વીડિયો મોકલી હેરાનગતિ કરાયાનો બનાવ સામે આવ્યો છે. પતિએ સમજાવ્યા છતાં આરોપી યુવાને પોતાની હરકતો ચાલુ રાખતા અંતે પીડિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી સામે છેડતીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સિંગણપોર વિસ્તારમાં રહેતી એક પરિણીતાને તેના પતિના જ મિત્ર દ્વારા સોશિયલ મીડિયા મારફતે અવારનવાર અશ્લીલ મેસેજ મોકલી પરેશાન કરવામાં આવતી હોવાની ફરિયાદ નોંધાઇ છે. પીડિતાના પતિની મોટા વરાછા વિસ્તારમાં રહેતા ભાવેશભાઈ ઉર્ફે દુલો સુરેશભાઈ ભુવા સાથે મિત્રતા હતી. મિત્રતાના આધારે ભાવેશે પતિ પાસેથી પરિણીતાનો મોબાઈલ નંબર મેળવી લીધો હતો.ફરિયાદ મુજબ શરૂઆતમાં સામાન્ય વાતચીત કરતો આરોપી બાદમાં મેસેજ અને વીડિયો કોલ દ્વારા અશ્લીલ માંગણીઓ કરવા લાગ્યો હતો. એટલું જ નહીં, તેણે વારંવાર બિભત્સ ફોટા અને વિડિયો મોકલી પરિણીતાને માનસિક રીતે હેરાન કરી હતી. પીડિતાએ સમગ્ર હકીકત પોતાના પતિને જણાવી હતી. પતિએ મિત્રને તાત્કાલિક તેની પત્નીને મેસેજ ન કરવા અને સંપર્ક બંધ કરવા ચેતવણી આપી હતી. તેમ છતાં આરોપી એકનો બે થયો ન હતો. સમજાવ્યા છતાં તેણે ફરીથી અશ્લીલ મેસેજ અને વિડિયો મોકલવાનું ચાલુ રાખ્યું હતું.આખરે સતત હેરાનગતિથી કંટાળી પરિણીતાએ સિંગણપોર પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પ્રાથમિક તપાસ બાદ આરોપી ભાવેશભાઈ સામે છેડતી અને અશ્લીલ હેરાનગતિ સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

# પીડિતા મૂકબધિર હોવાથી ગુનો નોંધવા નિષ્ણાતોની મદદ લેવાઈ

**ભટલાઈના** યુવાનની ઇચ્છાપોર પોલીસે ધરપકડ કરી

સુરતઃ ઈચ્છાપોર પોલીસ મથકની હદના ચોર્યાસી તાલુકાના ભટલાઈ ગામમાં રહેતી મુકબધીર યુવતીને ગામના જ એક યુવાને હવસનો શિકાર બનાવી હતી. આરોપીએ પ્રથમ યુવતીને વિશ્વાસમાં લઈને તેના મોબાઈલમાં કેટલાક ફોટોગ્રાફ્સ પાડી લીધા હતા. બાદમાં આ ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી યુવતી પર દબાણ બનાવ્યું હતું.ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ધમકીના આધારે યુવતી સાથે બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. સાથે જ જો આ બનાવ અંગે કોઈને જાણ કરશે તો ફોટા જાહેર કરી દેવાની ધમકી આપતા યુવતી ભયભીત બની ગઈ હતી.કેટલાક દિવસો બાદ યુવતીએ પરિવારજનોને હકીકત જણાવતા તાત્કાલિક ઈચ્છાપોર પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો.

ગુનો નોંધવા માટે મૂંગા-બહેરા નિષ્ણાંતોની મદદ લેવામાં આવી હતી જેથી યુવતીનો નિવેદન સચોટ રીતે નોંધાઈ શકે. પોલીસે પ્રાથમિક તપાસ બાદ આરોપી અભિષેક સામે બળાત્કાર તેમજ ધમકી સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરી છે.

**RTO ઈ-ચલણની APK ફાઇલ મોકલી મોબાઈલ હેક કરી લોકોનાં ખાતાં સાફ કરી નાંખતા હતા**

# જામતારા ગેંગના 3 ગુજરાતી સાગરિત ઝડપાયા

**એક** સિવિલ એન્જિનિયર અને એક બી.કોમ. ભણેલા સહિત ત્રણ યુવાનો ઓનલાઈન ફ્રોડના કૌભાંડમાં કમિશનથી કામ કરતા હતા

સુરતઃ સુરત સાયબર ક્રાઈમ સેલે એક મોટી સફળતા મેળવતા કુખ્યાત જામતારા ગેંગ સાથે સંકળાયેલા ગુજરાતના 3 શખ્સની ધરપકડ કરી છે. જેમાં એક સિવિલ એન્જિનિયર પણ શામેલ છે. આ ગેંગ વોટ્સએપ પર નકલી RTO ઈ-ચલણની APK ફાઈલ મોકલી લોકોના મોબાઈલ હેક કરી બેંક ખાતા સાફ કરી નાંખતી હતી. આરોપીઓ પાસેથી 227 જેટલા ક્રેડિટ કાર્ડ અને 92.53 લાખના ટ્રાન્ઝેક્શનની વિગતો મળી આવી છે. આ ટોળકી જામતારા ગેંગના કાળી કમાણીના નાણાંને 10% કમિશન લઈને સફેદ કરવાનું કૌભાંડ ચલાવતા હતા.

પાંડેસરા બાલાજીનગરમાં રહેતા શિતલાપ્રસાદ ધર્મરાજ સિંહના દીકરાના મિત્ર રાકેશ શર્માના વોટ્સએપમાં ગત 20-11-2025ના રોજ કોઇ અજાણ્યા વોટ્સએપ નંબરથી બનાવટી ડીજીટલ આર.ટી.ઓ. ઈ-ચલણની ફાઈલ મોકલી તેનો ફોન હેક કર્યો હતો. તેના વોટ્સએપ ઉપરથી ફરિયાદીના દીકરાના મિત્રોના વોટ્સએપ ગૃપમાં બનાવટી ડીજીટલ આર.ટી.ઓ. ઈ-ચલણની ફાઈલ મોકલી હતી. ફરિયાદીના દીકરાએ આ ફાઈલ ડાઉનલોડ કરતા તેની જાણ બહાર તેનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો અને બેંક એકાઉન્ટમાંથી ટુકડે ટુકડે કરી કુલ્લે રૂ.5,02,562 ટ્રાન્સફર થઈ ગયા હતા.

સુરત સાયબર ક્રાઈમની ટીમે આ ગુનામાં નિશીત નથવાણીને મહારાષ્ટ્રથી તથા ગૌતમ મંડલને ઝારખંડથી પકડી પાડ્યો હતો. જ્યારે આ ગુનામાં નાસતા ફરતા આરોપી અભિષેક અશોકકુમાર જગજીવનદાસ સુથાર (ઉ.વ.26 રહે. ફ્લેટ નં.૧૪૦૫, રીવર હાઈટ્સ, અમરોલી ચાર પાસે, અમરોલી, સુરત મુળ રહે.ગામ.ગુજરવાડા, તા.સમી, જી.પાટણ) તથા ગૌરવ ભરત માલવીયા (ઉ.વ.23 ધંધો. નોકરી, રહે. સંતોષી કૃપા સોસાયટી, રાજમહેલ મોલ પાસે, સીતાનગર, પુણા, સુરત. મુળ રહે.ગામ.પ્રેમપરા, તા.વિસાવદર, જી.જુનાગઢ) અને અશ્વિન નરસિંહભાઈ નાનજીભાઈ ગાંગાણી (ઉ.વ.43, રહે.ઘર નંબર ૯૮, સ્વામિનારાયણ નગર, પુણાથી બોમ્બે માર્કેટ રોડ, રેણુકા ભવની સામે, વરાછા, સુરત મુળ રહે.ગામ. બોડા, તા.મહુવા, જી.ભાવનગર) ને પકડી પાડ્યા હતા. અશ્વીન ગંગાણી ધોરણ 10 સુધી ભણેલો છે અને ક્રેડિટ કાર્ડ બિલનું કામ કરે છે. પોલીસે તેની ઓફિસમાંથી રૂ.55000નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### સુરતના એજન્ટ્સ ચોરીનાં નાણાં ક્રેડિટ કાર્ડનાં બિલ ભરવામાં વાપરતાં હતાં

તપાસ દરમિયાન બહાર આવ્યું છે કે, જામતારા બેઠેલા ઠગો સુરતમાં પોતાના એજન્ટો ધરાવે છે. આ એજન્ટો ફ્રોડનાં નાણાં ઠેકાણે પાડવા માટે ક્રેડિટ કાર્ડ બિલ પેમેન્ટના વ્યવસાયનો આશરો લેતા હતાં. લોકોના બેંક ખાતામાંથી ચોરી કરેલા નાણાં આ આરોપીઓ પોતાના ક્રેડિટ કાર્ડના બિલ ભરવામાં વાપરતા અને તે રકમ રોકડ સ્વરૂપે અથવા CDM મશીન દ્વારા ફરી સૂત્રધારો સુધી પહોંચાડતા હતા.

### આ મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો

- 2 મોબાઈલ
- 1 CPU
- 2 POS મશીન
- 227 ક્રેડિટ કાર્ડ
- POS મશીનમાં 92,53,663નું ટ્રાન્ઝેક્શન

### ગૌરવ માલવિયાએ 20થી વધુ વખત નાણાં જામતારા મોકલ્યાં હતાં

પકડાયેલા આરોપીઓમાં એક સિવિલ એન્જિનિયર અને એક બી.કોમ ગ્રેજ્યુએટ છે. આ બાબત ચિંતાજનક છે કે ભણેલા-ગણેલા યુવાનો ટૂંકા સમયમાં વધુ પૈસા કમાવાની લાલચમાં અથવા '10% કમિશન' જેવી ઓફરોમાં આવીને આંતરરાજ્ય સાયબર ગેંગના પ્યાદા બની રહ્યા છે. ગૌરવ માલવીયાએ કબૂલાત કરી છે કે તેણે 20થી વધુ વખત નાણાં જામતારા મોકલ્યા હતાં.

# સોસાયટીઓમાં આડેધડ પાર્કિંગ કચરાનાં વાહનો માટે અવરોધક

**દબાણો** અને સાંકડા રસ્તાઓના કારણે સફાઈ વાહનો જઇ શકતા નથી, તેથી ગંદકીના ગંજ દેખાયા : જવાબદાર સબ સેનેટરી ઇન્સ્પેક્ટરોને નોટિસ



સુરતઃ શહેર સ્વચ્છતામાં અગ્રેસર ગણાતું હોવા છતાં કેટલાક વિસ્તારોમાં કચરા સંચાલનની વ્યવસ્થા ખોરવાતી નજરે પડી રહી છે. મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામગીરી માટે મોટાપાયે ખર્ચ અને માનવબળ ફાળવવામાં આવે છે, છતાં અનેક વસાહતોમાં રસ્તાના કિનારે કચરાના ઢગલા સર્જાતા જોવા મળી રહ્યા છે. આ મુદ્દે વોર્ડના સેનેટરી ઈન્સપેકટરોને નોટિસ તો પાઠવવામાં આવી રહી છે, પરંતુ સાંકડા રસ્તાઓ પર આડેધડ થતા વાહન પાર્કીંગના કારણે પણ ઘણી સોસાયટીઓમાં ડોર ટુ ડોરના વાહનો નહીં જતા હોવાની બૂમ ઉઠી છે.

રહેવાસીઓ ઘરગથ્થુ કચરો અનિયંત્રિત રીતે બહાર નાંખતા અનૌપચારિક કચરા સંગ્રહ સ્થળો ઉભા થઈ ગયા છે. પરિણામે આસપાસ દુર્ગંધ અને ગંદકી ફેલાઈ રહી છે, જેના કારણે રહેવાસીઓ તેમજ સફાઈ કર્મચારીઓ બંને મુશ્કેલી અનુભવી રહ્યા છે. ડોર-ટુ-ડોર કચરો એકત્રિત કરતા વાહનોને કેટલીક સોસાયટીઓમાં પ્રવેશ મળતો નથી. ગેરકાયદે દબાણ, રસ્તા પર ઉભેલા વાહનો અને સંકુચિત માર્ગોને કારણે ડ્રાઈવરો અંદર સુધી પહોંચી શકતા નથી. પરિણામે કચરો સોસાયટીની બહાર જ જમા થવા લાગે છે અને સ્વચ્છતા અભિયાનને ફટકો પડે છે. સ્થાનિકોનું માનવું છે કે પાર્કિંગ અને દબાણ મુદ્દે કડક અમલવારી કરવામાં આવે તો સફાઈ વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો આવી શકે છે. શહેરને સ્વચ્છ રાખવા નાગરિકોની જવાબદારી પણ એટલી જ જરૂરી હોવાનું સૂચવાયું છે.

# મર્સિડીઝ વર્કશોપના એકાઉન્ટન્ટની રૂ.49.80 લાખની ઉચાપત

**૩૯ કસ્ટમર** પાસેથી રોકડ ઉઘરાવી ટેલી સોફ્ટવેરમાં ડમી ચેક નંબરની એન્ટ્રી કરી ઠગાઈ આચરી

સુરત : પાંડેસરાની મર્સિડીઝ બેન્ઝ કારના વર્કશોપમાં સિનિયર એકાઉન્ટન્ટ લાખો રૂપિયા ઓહિયાં કરી ગયાનો કિસ્સો સામે આવ્યો છે.

અડાજણ પેલેડિયમ સ્કાયમાં રહેતા રાહુલ પ્રભાકર કુલકર્ણીપાંડેસરા મારુતિ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલી 'ગારનેટ મોટર્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ' (મર્સિડીઝ બેન્ઝ ઓથોરાઈઝ્ડ વર્કશોપ)માં મેનેજર તરીકે કામ કરે છે. તેમની કંપનીમાં રાહુલ સુરેશ કહાર (રહે. દાંડીવાડ, નવસારી) સિનિયર એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. જાન્યુઆરી-૨૦૨૪ થી મે-૨૦૨૫ દરમિયાન આરોપીએ પોતાની સત્તાનો દુરુપયોગ કરી ૩૯ જેટલા ગ્રાહકો પાસેથી સર્વિસ પેટે રૂપિયા ૩૯.૦૨ લાખ રોકડા મેળવ્યા હતા. આ રકમ કંપનીમાં જમા કરાવવાને બદલે તેણે એકાઉન્ટિંગ સોફ્ટવેર 'ટેલી'માં ડમી ચેક નંબર નાખી ખોટી એન્ટ્રીઓ કરી હતી.કંપનીના ઓડિટ દરમિયાન રૂપિયા ૮.૭૧ લાખની સિક્યુરિટી ડિપોઝિટની રકમમાં વિસંગતતા જણાતા શંકા ગઈ હતી. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે આરોપી રાહુલે કુલ રૂપિયા ૪૯,૮૦,૯૫૯ જેટલી માતબર રકમની ઉચાપત કરી છે. જ્યારે આ બાબતે તેની પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે પોતાની ભૂલ સ્વીકારી હતી અને ટુકડે-ટુકડે નાણાં પરત કરવાનું વચન આપ્યું હતું. જોકે, ત્યારબાદ તે ઓફિસ આવવાનું બંધ કરી ઈ-મેઈલ દ્વારા રાજીનામું આપી ફરાર થઈ ગયો હતો. આ મામલે કંપનીના જનરલ મેનેજરે પાંડેસરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રાહુલ કહાર વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે.

**પ્રાચીન મંદિર છે, ત્યાં રિપોર્ટમાં મસ્જિદ હોવાનો ઉલ્લેખ: સ્થાનિકો લડી લેવાના મૂડમાં**

# અશાંતધારો : જગન્નાથ મહાદેવમાં વિશેષ આરતી

**ધારાસભ્ય** અરવિંદ રાણાએ તંત્ર પર ફરી ગંભીર આક્ષેપ કરી આંદોલનની ચીમકી આપી



સુરતઃ શહેરના ઐતિહાસિક નવાપુરા-રાણા વોર્ડમાં અશાંત ધારાના કાયદાના ખુલ્લેઆમ ધજાગરા ઊડી રહ્યા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. લઘુમતી વ્યક્તિને મિલકત ટ્રાન્સફર કરવા માટે જે રીતે વહીવટી તંત્રએ મંજૂરી આપી છે, તેના વિરોધમાં સ્થાનિક ધારાસભ્ય અરવિંદ રાણા અને રહીશોએ લડી લેવાનો મૂડ બનાવ્યો છે. અરવિંદ રાણાએ વહીવટી તંત્રને અલ્ટિમેટમ આપ્યું છે કે, જો આ ગેરકાયદે મંજૂરી તાત્કાલિક રદ કરવામાં નહીં આવે, તો તેઓ સ્થાનિકોને સાથે રાખી ઉગ્ર આંદોલન કરશે. તેમણે કહ્યું કે, ખોટા આધારો પર લેવાયેલા નિર્ણયોને સરકાર સ્તરે રજૂ કરી રદ કરાવવા માટે તેઓ કટિબદ્ધ છે. જે સોસાયટીમાં લઘુમતી વ્યક્તિને મકાન વેચવાની પરવાનગી આપવામાં આવી છે, તે જ વિસ્તારમાં આવેલા જગન્નાથ મહાદેવના મંદિરમાં ધારાસભ્ય અરવિંદ રાણા અને સ્થાનિકોએ ભેગા મળી ભક્તિભાવ સાથે આરતી કરી હતી. આરતી બાદ ધારાસભ્યએ સ્પષ્ટ કર્યું હતું કે, આ વિસ્તારની ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિ સાથે ચેડાં કરનાર કોઈપણ તત્ત્વને ચલાવી લેવામાં આવશે નહીં. ધારાસભ્ય અરવિંદ રાણાએ અધિકારીઓ પર સીધો પ્રહાર કરતા જણાવ્યું હતું કે, જો અધિકારીઓ આંખો બંધ કરીને અથવા ખોટી માહિતીના આધારે નિર્ણયો લેતા હોય, તો તે સ્પષ્ટપણે ભ્રષ્ટાચારનો પુરાવો છે. જે લોકોએ લાખો રૂપિયાની લાંચ લઈને કાયદા વિરુદ્ધ જઈને કામ કર્યું છે, તેને તેમના પદ પરથી હટાવવામાં ન આવે ત્યાં સુધી મારી લડત ચાલુ રહેશે અને કોઈપણ ભ્રષ્ટ અધિકારીને છોડવામાં આવશે નહીં.

અરવિંદ રાણાએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે, ધારાસભ્ય તરીકે મેં પોતે અને આજુબાજુના રહીશોએ લેખિતમાં વાંધો રજૂ કર્યો હતો. આમ છતાં, અમારા વાંધાઓને સંપૂર્ણપણે નજરઅંદાજ કરી તંત્રવાહકોએ પરવાનગી આપી દીધી હતી, જેમાં મોટો આર્થિક વ્યવહાર થયો છે. ધારાસભ્યએ વ્યથા ઠાલવતા કહ્યું કે, જો આ રીતે જ ચાલશે તો આ વિસ્તારના લોકોએ મજબૂરીમાં હિજરત કરવી પડશે. અહીં વર્ષોથી હિન્દુ પરિવારો શાંતિથી રહે છે અને જરીનો વ્યવસાય કરે છે. જો અન્ય ધર્મના લોકો અહીં આવશે તો સંભવિત સંઘર્ષો વધશે અને તહેવારોની ઉજવણીમાં ખલેલ પડશે. હું જનતાની સાથે ઊભો છું. જેથી કોઈને પણ પોતાનું ઘર છોડીને જવું ન પડે.

### ફ્લેટ્સ પર કબજાના કેસમાં બે બહેનનો નિર્દોષ છૂટકારો

સુરતઃ મિલકત વેચાણ કર્યા બાદ મિલકતના તાળા તોડી, મિલકતનો ગેરકાયદે કબજો કરી અને વેચાણ અવેજના નાણાં પડાવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાના કેસમાં કોર્ટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો છે. મજુરાના સિટી સર્વે નોંધ નં.૧૪૨૪/બથી નોંધાયેલી જમીન ઉપર બબલીબેન નામની બિલ્ડિંગમાં ફ્લેટ નં.૧૦૪, ૨૦૧, ૨૦૩, ૨૦૪વાળી મિલકત આરોપી કૈલાશબેન અર્જુનભાઈ પટેલ અને રેખાબેન અર્જુનભાઈ પટેલની માલિકીની હતી. આ મિલકત રૂા.૨૩,૨૪,૦૦૦ના વેચાણ અવેજ મેળવી ફરિયાદી સમીરભાઈ કૃષ્ણવદન પચ્ચીગરને વેચી હતી. આરોપીની દાનત બગડતા આરોપીએ ખોટી જાહેર નોટિસ છપાવી ફરિયાદીના ફ્લેટોના તાળા તોડી ગેરકાયદે કબજો જમાવી મિલકતના વેચાણ અવેજ પેટેની રકમ પડાવી લઈ ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ કેસની સુનાવણી કોર્ટમાં ચાલી હતી. આરોપીઓ તરફે વકીલ અજય વી. વેલાવાલા અને નવઝાદ એસ. દાબુએ દલીલ કરી હતી. કેસની સુનાવણી પૂર્ણ થયાં બાદ એડી. સીનિયર સિવિલ જજ તથા એડિ. ચીફ જ્યુડી. મેજી. જીતેન્દ્રસિંહે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

### કવાસમાં મોપેડની ટક્કરે ઈજાગ્રસ્ત પરિણીતાનું મોત

સુરતઃ કવાસગામ રૂચી ટાઉનશીપમાં રહેતા અનિલ ભાઈલાલ પ્રજાપતિ (ઉ.વ.૫૧) શેર માર્કેટની ઓફીસ ચલાવે છે. તેમના પત્ની રંજીતા ગઇ તારીખ ૩૧મીની રાતે રંજીતા કૃભકો ટાઉનશીપમાં મંદિર ખાતે યોજાયેલા ભંડારામાં જતી હતી, ત્યારે પગપાળા કવાસગામ રોડ પર મોપેડે અડફેટમાં લીધી હતી. ઈજાગ્રસ્ત રંજીતાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી, જ્યાં સારવાર દરમિયાન શુક્રવારે તેનું મોત થયું હતું.

### મિત્રને આપેલો ચેક રિટર્ન થતાં એક વર્ષની કેદ

સુરતઃ મિત્ર પાસેથી લીધેલાં ઉછીના રૂપિયાના ચેક રિટર્ન કેસમાં આરોપીને કોર્ટે એક વર્ષની સજા ફટકારી રૂપિયા ૧૪ લાખ વળતર ચૂકવવા આદેશ કર્યો છે. ફરિયાદી ભરતભાઈ જયંતિભાઈ કાછડીયા અને આરોપી વિશાલ રમેશભાઈ સાવલીયા મિત્ર થતાં હોય, ફરિયાદીએ મિત્ર આરોપીને મદદરૂપ થવા રૂપિયા ૧૦ લાખ આપ્યાં હતાં. આ રકમ પેટે આરોપીએ ચેક આપ્યો હતો, જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ રમેશ વી. સાનેપરા મારફતે કોર્ટમાં ખાનગી ફરીયાદ દાખલ કરી હતી. ફરિયાદ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને એક વર્ષની કેદ તથા ચેકની રકમ સામે રૂા.૧૪,૧૦,૦૦૦ ચૂકવવાનો હુકમ કર્યો છે.

---


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**પાપડ અચાર**
સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે. Free Home Dilevery Mo. 9099645605 Surat. Bhagal (797)

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222292, 8460222282

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (831)

**કાર ડ્રાઈવર મળશે**
પ્રવાસમાં જવા, ઘરબેઠાં કાર શીખવા મેન્યુઅલ ઓટોમેટીક કાર ૯૮૨૫૨૬૩૪૨૯

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**હિમાલયા હોલીડે**
(1) ચારધામ યાત્રા મેં મહિનામાં (2) કાશ્મીર (3) શિમલા મનાલી (4) દાર્જીલિંગ ગેંગટોક, પેલીંગ Mo:- 9427803273/ 9825142005 (812)

**બાલાજી ટુર્સ**
(નેપાળ, વારાણસી 20-04, 11-05) (ગેંગટોક, દાર્જિલિંગ 20-04, 11-05) (ચારધામ 05-05, 15-05) 9824422116

**ચારધામ યાત્રા**
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ શાહ. 9426157371.

**(સાગર- 9427113317)**
ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી,

**નોકરી વિષયક**

**પટાવાળા જોઈએ છે**
સી. એ. ઓફિસ માટે એસએસસી પાસ- નાપાસ પટાવાળા જોઈએ છે. મળો. જશવંત પી. પટેલ એલ- ૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં નાનપુરા સુરત (832)

**તાત્કાલિક જોઈએ છે**
10 પાસ હેલ્પર- ગાર્ડ- લોડર, સુપરવાઈઝર- પુરુષ/ મહિલા ઉમેદવારો માટે, (પગારઃ 28,000- 45,000) રહેવા- જમવાની સુવિધા 7827453997

**જોઈએ છે**
ઓફિસ વર્ક માટે છોકરી (10 પાસ) અઠવાલાઈન્સ સુરત Call 9825338389

**કતારગામમાં ઓફિસ**
કામ અને ડિલિવરી માટે સ્ટાફ જોઈએ 9979527161

**ભાડે આપવાની છે**
M.N.C, કોર્પોરેટ ઓફિસ, ઈન્સ્યુરન્સ કંપની, જીમ, ડોકટર કન્સલટન્સી, સર્વિસ સેન્ટર વગેરેને લાયક ઓફિસ લોંગ લીઝ પર આપવાની છે
2100 SQFT INTERNATIONAL WEALTH CENTER VIP ROAD, VESU
9512917163

**જરૂરીયાત છે-**
સેલ્સમેન (માર્કેટિંગ) અમારી કંપનીમાં કેમિકલ સંબંધિત માર્કેટિંગ કાર્યમાટે અનુભવી સેલ્સમેનની જરૂર છે. ઉમેદવાર પાસે ઓછામાં ઓછો 2- 3 વર્ષનો સેલ્સ અને માર્કેટિંગ ક્ષેત્રનો અનુભવ હોવો આવશ્યક છે. સારો કોમ્યુનિકેશને સ્કિલ, ક્લાઈન્ટ હેન્ડલિંગ ક્ષમતા અને માર્કેટની સમજ જરૂરી છે. રસ ધરાવતા ઉમેદવારો તાત્કાલિક સંપર્ક કરે. 9727870269, 9909283482

**લોનની કંપની માટે**
ટેલીકોલર છોકરી જોઈએ છે પાર્ટટાઈમ/ ફુલ ટાઈમ Location: નાનપુરા સુરત મો:- 9586817707

**FOR Sell**
70,000/- ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

**મિલ્કત વેચવાની છે**

**વેચવાનો છે**
1 BHK ફ્લેટ વેચવાનો છે નાનપુરાના શાંત વિસ્તારમાં ગોપીનાથ ફરસાણની ગલીમાં Mo.No. 9427519026 (827)

**બંગલો વેચવાનો છે**
230 ચો. વાર ગ્રાઉન્ડ + 2 ફ્લોર (5 BHK) 6 સર્વોદય પાર્ક સોસાયટી વિવેકાનંદ ગાર્ડનની બાજુમાં ભટારરોડ સુરત સંપર્કઃ 9825473666 (829)

**2 બેડરૂમ, હોલ**
કિચનનો ફ્લેટ ભાઠા ગ્રીનસિટીમાં વેચવાનો છે. 9016675711 (830)

**ભટાર રોડ**
2 BHK ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. 9825088402, 9825919637

**હોસ્પિટલને ભાડે આપેલી પ્રોપર્ટી વેચવાની છે- વેસુ, સુરત**
VIP રોડ, વેસુ, યુનિટઃ 818 Sq.Ft. કાર્પેટ (મેડિકલ ફ્લોર), શરૂઆતનું ભાડું: રૂ. 57,260/- મહિને દર વર્ષે 5% ભાડામાં વધારો. 15 વર્ષની લીઝ/ 5 વર્ષ લોક-ઈન
Call Now: 9724230670

**કોર્મશીયલ રેસીડેન્ટ**
માટે વેચાણ હરિપુરા ભવાની મંદીર પાસે રોડ ટચ ૧૮'X૬૦' ની નિકાલવાળુ ચાર માળે ફ્લેટ ત્યા ભોયતળીય દુકાન ગોડાઉન માટે ૫૦ વર્પ ચાલે એવું R.C.C. નું મકાન (દલાલ માફ) ભવાની એસ્ટેટ ૯૯૯૮૯૩૪૧૫૪ (834)

**પીપલોદ, વેલેન્ટાઈન**
નજીક, 5- બેડરૂમ, પાર્કિંગ વાળું રોહાઉસ વેચવાનું 9824510255

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK ફુલ્લી ફર્નિચર સાથે, નીલકંથ એવન્યુ, B- 203, પાલ લેક તળાવ પાસે, મો- 9016157488

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK 1280 સ્કવેર ફીટ, હવા ઉજાસ અને સેમી ફર્નીશ્ડ વાળો વૈષ્ણોદેવી ચાર રસ્તા દેવશ્રી બેનીટો મેઈન રોડ 9714497771

**મિલ્કત જોઇએ છે**

**જોઈએ છે**
2 BHK Flat ઘોડદોડ રોડ, ભટાર, પાલ વિસ્તારમાં M.NO. 9427519026 (828)

**મિલ્કત ભાડે -વેચાણ**

**વેચાણ - ભાડે**
નાનપુરા ટચ રોડ, ગુજરાતી કન્યાશાખા પાસે બીજે માળે ૧૨'X૪૫' નો ફ્લેટ રેસી/ કોમર્શીયલ બિલ્ડીંગમાં- (દલાલ માફ) ભવાની એસ્ટેટ ૯૯૯૮૯૩૪૧૫૪ (835)

**વેચવાની છે / ભાડે**
આપવાની છે સુરતના અડાજણમાં પ્રાઈમ લોકેશન, એલ.પી.સવાણી રોડ પર, સ્ટારબજારની પાછળ, ક્રોમાની ઉપર ''પ્રોટોન પ્લસ'' બિલ્ડીંગમાં ઓફિસ વેચવાની છે/ ભાડે આપવાની છે. (૧૦૦૦ સ્કેફુટ- સુપર બિલ્ટઅપ) સંપર્કઃ કવન દેસાઈ મો. ૭૮૭૪૯૬૦૬૧૩

**વ્યવસાયીક ક્લાસીસ**

**સંગીત શીખો**
કેશીયો તબલા હાર્મોનિયમ અમારા ક્લાસમાં તેમજ આપના ઘરે આવી શીખવીશું મળો:- 9825944456 (818)

**મિલ્કત ભાડેથી**

**ન્યુ ડીમાર્ટ**
જહાંગીરાબાદ પાસે 3 BHK ફ્લેટ ભાડે આપવાનો છે. M: 9898685968 (826)

**ભાડેથી- દુકાન**
રાંદેર મેઈન રોડ ટચ S.M.C ઝોન ઓફિસ સામે 30X૧૦ ની દુકાન મેડીકલ- સેલુન માટે ભાડેથી આપવાની છે (દલાલ માફ)- ભવાની એસ્ટેટ ૯૯૯૮૯૩૪૧૫૪ (833)

**લગ્ન વિષયક**

**સુરત રહેતી**
29 વર્ષની SC કાસ્ટ ડોક્ટર યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે સમકક્ષ પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI પાત્રો આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર


*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*